સૌરાષ્ટ્ર આજતક

# વડાપ્રધાનના આગમન પૂર્વ રાજકોટમાં લોખંડી સુરક્ષા કવચ

## વડાપ્રધાનનો રૂટ, હેલિપેડ, કાર્યક્રમ સ્થળ સહિતના સ્થળોએ તપાસઃ એસપીજીની ટીમે સુરક્ષા સંભાળી, ૩૫ થી વધું કારના કાફલા સાથે રિહર્સલ થયું

રાજકોટ. તા.૧૦

આજે મારવાડી યુની. માં વાઈબ્રન્ટ સમીટનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થવા જઈ રહ્યું છે. જેમાં વડાપ્રધાનની સાથે કેન્દ્રીય મંત્રીઓ, રાજ્ય સરકારના મંત્રીઓ અને દેશ-વિદેશના ટોચના ઉદ્યોગપતિઓ રીજીયોનલ વાઈબ્રન્ટ કોન્ફ્ન્સમાં હાજરી આપનાર છે. જેને પગલે શહેર પોલીસ એલર્ટ મોડમાં આવી છે. વડાપ્રધાનના આગમનને પગલે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સુરક્ષા વ્યવસ્થાની કમાન એસપીજી કમાન્ડોએ સંભાળી લીધી છે અને આજે રાજ્યના ડીજીપી ડો. કે.એલ.એન. રાવ અને આઈબીના વડાએ પણ રાજકોટમાં ધામા નાખી આખે આખી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરનાર છે. આવતીકાલથી મારવાડી યુનિવર્સીટી કેમ્પસ ખાતે રીજીયોનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સનું આયોજન થવા જઈ રહ્યું છે. જેમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખાસ હાજર રહેનાર છે. ઉપરાંત કેન્દ્રીય મંત્રીઓ, મુખ્યમંત્રી, રાજ્ય સરકારના મંત્રીઓ, દેશ-વિદેશના ટોચના ઉદ્યોગપતિઓ સહીતની મોટી સંખ્યામાં હાજરી રહેનાર છે.

ત્યારે વીવીઆઈપી મુવમેન્ટને પગલે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, રેન્જ આઈજી અશોક કુમાર યાદવ અને કચ્છ બોર્ડર એકમનાં રેન્જ આઈજીની અધ્યક્ષાતામાં અભેદ્ય સુરક્ષા



વ્યવસ્થાની સ્કીમ ઘડી કાઢવામાં આવી છે. બે રેન્જ આઈજીની અધ્યક્ષતામાં કુલ ૪૫૦૦ પોલીસ જવાનો સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત રહેનાર છે. બીજી બાજુ એસપીજી કમાન્ડોએ સુરક્ષા વ્યવસ્થાની કમાન સંભાળી લીધી છે.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર આજે બપોરથી વડાપ્રધાનનું હેલિકોપ્ટર જ્યા લેન્ડ થશે તે બેડી યાર્ડ ખાતે બનાવવામાં આવેલ હેલિપેડ, રૂટ, મારવાડી યુનિવર્સીટી સહિતના સ્થળોએ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા રિહર્સલ હાથ ધરવામાં આવ્યું હતું.વડાપ્રધાનના આગમનને પગલે રાજ્ય પોલીસ વડા ડો.કે.એલ.એન. રાવ અને આઈબીના વડા બપોરે રાજકોટ પહોંચ્યા હતાં. તેઓ વડાપ્રધાન સહિતના નેતાઓના આગમનને પગલે ઘડાયેલી સુરક્ષા વ્યવસ્થાબિ સમીક્ષા કરી છે. તેઓ બંદોબસ્ત સ્કીમની આખેઆખી વિગતો મેળવી પરિસ્થિતિનો તાગ મેળવનાર છે.

### થ્રિ લેયર સુરક્ષા બંદોબસ્ત

રાજકોટ.

વડાપ્રધાનના કાર્યક્રમ દરમિયાન અને બે દિવસ ચાલનાર વાઈબ્રન્ટ સમીટના આયોજનમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં રાજકોટ રેન્જ આઈજી અને બોર્ડર રેન્જ આઈજીના માર્ગદર્શન હેઠળ ૧૧ ડીસીપી ૩૦ એસીપી, ૯૦ પીઆઈ, ૨૩૫ પીએસઆઈ, ૨૫૬૦ પોલીસમેન અને સાથે હોમગાર્ડ, ટીઆરબીના જવાનો પણ સુરક્ષામાં ખડેપગે રહેશે. ઉપરાંત એસઆરપીની ૩ કંપનીના ૨૧૦ જવાનો પણ પણ સુરક્ષા વ્યવસ્થામાં સાથે રહેશે.

### જંગલેશ્વર ડીમોલેશન અને વિરોધ પક્ષના વિરોધ અંગે આઈબીનું એલર્ટ

રાજકોટ.

આઈબીના વડા પણ રાજકોટ પહોંચ્યા છે અને રાજકોટમાં જંગલેશ્વરમાં ડિમોલીશનનો નોટીસ વિવાદ અને સરધારનો મૂર્તિ વિવાદ ચાલતા હોય ત્યારે વડાપ્રધાનના કાર્યક્રમ દરમિયાન છમકલા થવાની શક્યતા દર્શાવી આઈબીએ એલર્ટ રિપોર્ટ આપ્યો છે.

જેથી પોલીસે તે દિશામાં જરૂરી તમામ પગલાંઓ લેવા તજવીજ શરૂ કરી દીધાનું સૂત્રો જણાવી રહ્યા છે. જોકે શહેર પોલીસે તુરંત જ સુરક્ષા વ્યવસ્થા ની સ્થિતિને સંભાળી લીધી છે અને વ્યુહ રચના હેઠળ તમામ સિદ્ધિ અંડર કવર હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

## રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

ગીર સોમનાથ ખાતે દ્વાદશ જ્યોર્તિલિંગ પૈકી પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં તા. ૦૮થી તા. ૧૧ જાન્યુઆરી દરમિયાન સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સહભાગી થનારા છે. જે નિમિત્તે તા. ૧૦ના રોજ હીરાસર ખાતે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું આગમન થતાં તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ તકે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, મેયર શ્રી નયનાબેન પેઢડીયા, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, ઈન્ચાર્જ ડી.જી.પી. ડો. કે. લક્ષ્મીનારાયણ રાવ, પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા, કલેક્ટર શ્રી ડો. ઓમપ્રકાશ સહિત અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ત્યારબાદ પ્રધાનમંત્રી શ્રી સોમનાથ જવા રવાના થયા હતાં.

## સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી અન્વયે નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય હર્ષ સંઘવીએ સ્થળ મુલાકાત લીધી

### મંદિર પરિસર, સુરક્ષા બંદોબસ્ત અને ટ્રાફિક વ્યવસ્થાનું નિરીક્ષણ કરતા નાયબ મુખ્યમંત્રી

મિતેશ પરમાર, વેરાવળ,

જાન્યુઆરી,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય પસ્થિતિમાં સોમનાથ ખાતે આયોજિત થનારા સ્વાભિમાન પર્વના સુચારુ આયોજન અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સુદૃઢ બનાવવાના હેતુથી રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આજે સોમનાથ મહાદેવ મંદિર પરિસર તથા આસપાસના વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ પવિત્ર અવસરે સુરક્ષા વ્યવસ્થામાં કોઈ કચાશ ન રહે તે માટે તેમણે ઉચ્ચ અધિકારીઓ સાથે ગ્રાઉન્ડ લેવલ પર સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



સ્થળ મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરના મુખ્ય પ્રવેશદ્વાર, આસપાસના મુખ્ય અને વૈકલ્પિક માર્ગો તેમજ યાત્રાળુઓની આવન-જાવન માટેની વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે સુરક્ષા બંદોબસ્ત, ટ્રાફિક સંચાલન અને પાર્કિંગ વ્યવસ્થા અંગે વિગતવાર માહિતી મેળવી હતી. સાથે જ વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ દરમિયાન સ્થાનિક નાગરિકો તેમજ દેશ-વિદેશથી આવતા શ્રદ્ધાળુઓને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય તેની કાળજી લેવા પણ સૂચન કર્યું હતું.

ગૃહ મંત્રીશ્રીએ સુરક્ષા વ્યવસ્થાને વધુ અભેદ્ય બનાવવા માટે ભીડ નિયંત્રણ, ઈમરજન્સી સેવાઓની સજ્જતા અને ટેકનોલોજીના ઉપયોગ અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તમામ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જળવાય અને કાર્યક્રમ શાંતિપૂર્ણ તેમજ સફળ રીતે સંપન્ન થાય તે માટે તેમણે વહીવટી તંત્રને આહ્વાન કર્યું હતું.

આ તકે કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી તથા ડો.પ્રદ્યુમનભાઈ વાજા, રાજ્ય મંત્રીશ્રી કૌશિક વેકરીયા, સાંસદ શ્રી રાજેશ ચુડાસમા સહિત જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સોમનાથ હેલિપેડ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ભાવભીનું સ્વાગત



મિતેશ પરમાર, વેરાવળ,

દ્વાદશ જ્યોર્તિલિંગમાંના પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાઈ રહેલા સોમનાથ સ્વાભિમાન પર્વમાં સહભાગી થવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે સોમનાથ આવી પહોંચતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. હેલિપેડ ખાતે વડાપ્રધાનશ્રીના સ્વાગત-સત્કાર માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, શિક્ષણ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા, માંડવી ધારાસભ્ય શ્રી અનિરૂદ્ધભાઈ દવે, કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાય, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી જયદિપસિંહ જાડેજા, અગ્રણી શ્રી ડૉ.સંજયભાઈ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાજકોટ હીરાસર એરપોર્ટ ખાતે ૪૩૩૮ પોલીસની સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

### એસપીજીની ટીમે રાજકોટમાં પોલીસ અધિકરીઓ સાથે ત્રણ સ્થળે રિહર્સલ કર્યું

રાજકોટ,

રાજકોટમાં વડાપ્રધાનની સુરક્ષા માટે ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેને લઈને રાજકોટમાં ગુજરાતભરમાંથી પોલીસના ઘાડેધાડા ઉતારી દેવામાં આવ્યા છે. વાઈબ્રન્ટ સમીટને લઇ રાજકોટમાં વડાપ્રધાનની સુરક્ષા માટે બે આઈજી કક્ષાના અધિકારી અને ૧૧ ડીસીપી કક્ષાના અધિકારી મળી કુલ ૪૩૩૮ પોલીસને સુરક્ષા વ્યવસ્થા માટે તૈનાત કરવામાં આવ્યા છે.

વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થા સંભાળતી એસપીજીની ટીમ પણ રાજકોટ આવી છે ત્યારે ગઈકાલે સાંજે એસપીજીની ટીમે રાજકોટમાં પોલીસ અધિકરીઓ સાથે સુરક્ષા વ્યવસ્થાનું ત્રણ સ્થળે રિહર્સલ કર્યું હતું. જેમાં મારવાડી યુનિવર્સીટી, બેડી ખાતે તૈયાર કરેલ હેલીપેડ અને હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે રિહર્સલ કર્યું હતું.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રીઝનલ સબ સમિટનું ઉદઘાટન થનાર હોય જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના આગેવાનો ઉપસ્થિત રહેનાર હોય ત્યારે વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થાનું ત્રણ સ્થળે રિહર્સલ કર્યું હતું.

વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થા સંભાળતા એસ.પી.જી.ની ટીમ રાજકોટ આવી હતી અને સુરક્ષા વ્યવસ્થા અંગે સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે બેઠક પોજી હતી. પોલીસ કમિશ્નર બ્રજેશકુમારબગડીયા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી ટ્રાફીક હરપાલસિંહ જાડેજા સહીતના અધિકારીઓ સાથે બેઠક યોજી ગઈકાલે વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થાનું રિહર્સલ કર્યું હતું.મારવાડી યુનિવર્સીટી, બેડી ખાતે તૈયાર કરેલ હેલીપેડ અને હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે રિહર્સલ કર્યું હતું. વડાપ્રધાનની સુરક્ષા માટે રાજકોટમાં બે આઈજી કક્ષાના અધિકારી તેમજ ૧૧ ડીસીપી, ૩૦ એસીપી, ૯૦ પીઆઈ, ૨૩૫ પીએસઆઈ, ૨૫૬૦ હેડ કોન્સ્ટેબ-કોન્સ્ટેબલ, ૪૫૦ હોમગાર્ડ, ૭૫૦ ટીઆરબી જવાન સાથે એસઆરપીની ત્રણ કંપની કે જેમાં ૨૧૦ એસઆરપી જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.

આ તમામે ગઈકાલે સાંજથી બંદોબસ્તની ફરજ સ્થળે ચાર્જ સાંભળી લીધો છે. વડાપ્રધાનની સુરક્ષામાં ચકલુ પણ ન ફરકે તેવી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વડાપ્રધાનના બેડી યાર્ડ ખાતે હેલીપેડ ખાતે આગમનથી લઈ મારવાડી યુનિવર્સિટી ખાતે કાર્યક્રમ સ્થળ સુધી તેમજ એરપોર્ટ ખાતે સજ્જડ સુરક્ષા ગોઠવવામાં આવી હોય તેનું ગઈકાલે રિહર્સલ યોજાયું હતું. આ રિહર્સલમાં વાયુસેનાના હેલિકોપ્ટર પણ જોડાયા હતા.

## રાજકોટ સહિત સોરાષ્ટ્ર- કચ્છમાં ટાઢોડુ : નલીયા ૬.૪, ગિરનાર ૬.૫, અમરેલીમાં ૮.૪ ડિગ્રી

### માનવજીવન સાથે પશુપક્ષીઓ ઉપર અસર :સવારથી જ ઠંડા ઝડપી પવનોથી લોકો ઠુંઠવાયા

રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં બર્ફીલા પવનો અને નીચુ તાપમાનનું આક્રમણ રહેવા પામ્યું હતું. સવારથી જ ઠંડા ઝડપી પવનોથી લોકો ઠુંઠવાયા હતા. ખાસ કરીને આજે દરિયાઇ વિસ્તારો કે જ્યાં મોટા ભાગે સામાન્ય ઠંડી હોય છે ત્યાં પણ ટાઢોડુ છવાયું હતું.

આજે પણ સૌથી વધુ ઠંડી નલિયા ખાતે ૬.૪ ડિગ્રી નોંધાઇ હતી. જયારે ૮.૪ ડિગ્રી સાથે અમરેલી બીજા સ્થાને રહ્યું હતું. તો રાજકોટ શહેરમાં સવારે ૧૨ કિ.મી.ની ઝડપે કાતીલ ઠંડો પવન ફુંકાયો હતો અને લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી નોંધાતા નગરજનોના હાજા ગગડી ગયા હતા. જુનાગઢમાં બીજા દિવસે પણ ગિરનાર પર ૬.૫ ડિગ્રી ઠંડી રહી હતી પહેલા બે દિવસથી જુનાગઢ સહિત સોરઠમાં શરૂ થયેલું કાતિલ ઠંડીનું મોજુ આજે પણ યથાવત રહ્ાં હતું. જેના પરિણામે ગિરનાર પર્વત પર સવારે લઘુતમ તાપમાન ૬.૫ ડિગ્રી નોંધાયું હતું. સતત બે દિવસથી ગીરનાર પર્વત ઉપર કાતિલ ઠંડી પડી રહી હોવાથી પર્વતીય વિસ્તાર ઠંડોગાર થઈ ગયો છે.જુનાગઢ શહેરમાં પણ સવારે લઘુતમ તાપમાન ૧૧.૫ ડિગ્રી રહ્ાં હતું જોકે આજે સવારે વાતાવરણમાં ભેજ ઘટીને ૫૨ ટકા થઈ ગયો હતો. પરંતુ ઠંડી વધવાથી લોકોની મુશ્કેલી વધી હતી સવારે ૬.૫ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાયો હતો. છેલ્લા બે દિવસથી પડી રહેલી કાતિલ ઠંડીના કારણે જનજીવન પર અસર થવા પામી છે. જામનગરમાં લઘુતમ તાપમાન ૧૦, મહતમ તાપમાન ૨૩.૫, ભેજનું પ્રમાણ ૬૩ગ, પવનની ગતિ ૫.૭ કિ.મી. રહી હતી. છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં સીધો ૩ ડિગ્રીનો ઘટાડા સાથે ૧૦ ડિગ્રી પારો પહોંચ્યો હતો.ઠંડીની અસર માનવજીવન સાથે પશુપક્ષીઓ ઉપર જોવા મળી હતી.શહેરમાં ઠંડી ના કારણે સવારે ૯ વાગ્યે પણ બજારમાં લોકોની ચહલપહલ પાંખી જોવા મળી હતી.. ભાવનગરમાં સિઝનમાં પહેલીવાર લઘુતમ તાપમાન નો પારો ગગડી ને૧૩.૪ ડીગ્રી એ પહોંચતા ઠંડીનો માહોલ જોવા મળે છે. રાજયમાં ગિરનાર ૬.૫ ડીગ્રી, અમદાવાદ ૧૨.૧ ડીગ્રી, અમરેલી ૮.૪ ડીગ્રી, બરોડા ૧૩.૬ ડીગ્રી,ભાવનગર ૧૩.૪ ડીગ્રી, ભુજ ૧૦.૨ ડીગ્રી, દમણ ૧૬.૦ ડીગ્રી,ડીસા ૧૦.૪ ડીગ્રી, દીવ ૧૪.૫ ડીગ્રી,દ્વારકા ૧૩.૮ ડીગ્રી,ગાંધીનગર ૧૦.૫ ડીગ્રી,જામનગર ૧૦.૦ ડીગ્રી,,કંડલા ૧૨.૬ ડીગ્રી, નલિયા ૬.૪ ,ગ્રી, ઓખા ૧૭.૩ ડીગ્રી,પોરબંદર ૧૧.૧ ડીગ્રી, રાજકોટ ૧૦.૦ ડીગ્રી,,સુરત ૧૪.૬ ડીગ્રી, વેરાવળ ૧૪.૯ ડીગ્રી નોધાયું હતું

## રાજકોટના ગગનમાં દેશ પરદેશના રંગબેરંગી પતંગની રંગોળી સર્જાઈ : શહેરીજનો ખુશ

### દેશ વિદેશના ૧૩૫ થી વધુ પતંગબાજોએ વિશાળ કાય પતંગ ગગનમાં લહેરાવી

રાજકોટ : રાજ્યે સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીગય પતંગ મહોત્સ વનુ રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે રાજકોટ ખાતે તા.૧૦ શનિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે કવિ રમેશ પારેખ રંગ દર્શન ઓપન એર થીએટર, રેસકોર્ષ ગ્રાઉન્ડર ખાતે આયોજન કરેલ. આ આંતરરાષ્ટ્રી ય પતંગ મહોત્સવમાં વિવિધ દેશો તથા ભારતના વિવિધ રાજ્યોના પતંગબાજોએ ભાગ લીધો હતો. આ આંતરરાષ્ટ્રીતય પતંગ મહોત્સેવનો શુભારંભ મંત્રી અને રાજકોટના સહ પ્રભારી ત્રિકમભાઈ છાંગા સહિતના મહાનુભાવોના હસ્તે્ કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યરક્ષ તરીકે મેયર મતી નયનાબેન પેઢડીયા ઉપસ્થિવત રહેલ.



તસવીર : દિલિપ ગોહેલ



આ અવસરે મંત્રી અને સહ પ્રભારી ત્રિકમભાઈ છાંગાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુંધ હતું કે, સમગ્ર ગુજરાતમાં આંતરરાષ્ટ્રી ય પતંગ મહોત્સઉવો યોજાઈ છે અને તેના માધ્યીમથી આપણા રાજ્યીની સંસ્કરળતિ અને પરંપરાઓની સુવાસ દેશ-વિદેશમાં પ્રસરે છે. માત્ર પ્રવાસન જ નહિ પરંતુ ભૌતિક અને સામાજિક તેમજ વ્યાઅપાર ઉદ્યોગ ક્ષેત્રે પણ ગુજરાતનું નામ વિશ્વમાં વિખ્યાોત છે.

આ કાર્યક્રમમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવભાઈ દવે, ડેપ્યુંટી મેયર નરેન્દ્રપસિંહ જાડેજા, સ્ટેયન્ડિં ગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુજનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્ર સિંહ ઝાલા,સમાજ કલ્યા ણ સમિતિ ચેરમેન સુરેન્દ્રિસિંહ વાળા, ગુજરાતના કોષાધ્યરક્ષ અને પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારિયા, ગુજરાત પ્રવાસનના અનિલભાઈ પટેલ, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં શહેરીજનો વગેરે ઉપસ્થિરત રહેલ.આ કાર્યક્રમના શુભારંભ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા દેશ-વિદેશના પતંગબાજોનું સ્વાગગત કરવામાં આવેલ જેમાં પતંગબાજો પણ મન મુકીને નાચ્યાૃ હતા. આ અવસરે મહાનુભાવોએ દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરેલ. શાબ્દિાક સ્વાયગત સ્ટેરન્ડીંદગ કમીટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમની રૂપરેખા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા આપવામાં આવેલ. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારઓ અને મ્યુનિસિપલ કમિશનરએ મોમેન્ટો આપી મંત્રી અને સહ પ્રભારી ત્રિકમભાઈ છાંગાનું સ્વોગત કરેલ. કાર્યક્રમના અંતે આભારવિધિ સમાજ કલ્યાટણ સમિતિ ચેરમેન સુરેન્દ્રતસિંહ વાળા દ્વારા કરવામાં આવેલ.

રાજકોટના રેસકોર્ષ ખાતે આજરોજ સવારથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ થયો હતો. દેશ વિદેશના પતંગબાજોએ જન જાગૃતિના સંદેશા સહિતની વિશાળ કાય પતંગ ગગનમાં લહેરાવી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પતંગ મહોત્સવમાં મોટી સંખ્યામાં બાળકો સહિત શહેરીજનો ઉપસ્થિત રહી કાર્યક્રમની મોજ માણી હતી. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં ઓસ્ટ્રેલીયા, બ્રાઝિલ, કોલમ્બિયા, ડેનમાર્ક, સિંગાપોર, થાઈલેન્ડ, સ્વીડન, યુનાઈટેડ કિંગડમ જેવા કુલ-૨૧ દેશો તથા ભારતના મહારાષ્ટ્ર, રાજસ્થાન, બિહાર, ઉડીશા, તામિલનાડુ, સિક્કિમ, વેસ્ટ બેંગાલ જેવા વિવિધ રાજયો સહિત ૧૩૫ થી વધુ પતંગબાજોએ ભાગ લીધો હતો જેને નિહાળવા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું કેશોદ એરપોર્ટ ખાતે ભાવભેર સ્વાગત

### નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને પણ ઉત્સાહભેર આવકાર



જૂનાગઢ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનું જૂનાગઢ જિલ્લાના પદાધિકારી-અધિકારીશ્રીઓએ કેશોદ એરપોર્ટ ખાતે ઉમળકાભેર આવકારી ભાવભેર સ્વાગત કર્યું હતું

સોમનાથ ખાતે સ્વાભિમાન પર્વમાં સહભાગી થવા પધારેલા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સર્વશ્રી દેવાભાઈ માલમ, શ્રી ભગવાનજીભાઈ કરગટીયા, જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ. પી. પટેલ, પોલીસ અધિક્ષક શ્રી સુબોધ ઓડેદરા, આસિસ્ટન્ટ કલેકટર સુશ્રી વંદના મીણા, કેશોદ નગરપાલિકાના પ્રમુખશ્રી મેહુલભાઈ ગોંડલીયા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા, સાવજ ડેરીના ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારીયા સહિતના સ્થાનિક મહાનુભાવોએ સ્વાગત કર્યું હતું.